# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**************************************************

1) સરકાર આગામી બે વર્ષમાં દેશભરમાં હાઇવેને મજબૂત બનાવવા માટે 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે
2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકાર મંત્રાલયની સ્થાપના પછી સહકારી ક્ષેત્રમાં થયેલા ક્રાંતિકારી ફેરફારોની પ્રશંસા કરી
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આંબેડકર જયંતિ નિમિત્તે હરિયાણાની મુલાકાત લેશે
4) આંધ્રપ્રદેશના અનાકાપલ્લે જિલ્લામાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં છ લોકોના મોત થયા
5) ઉત્તરપૂર્વીય યુક્રેનના સુમી શહેરમાં રશિયન મિસાઇલો અથડાતા બે બાળકો સહિત 32 લોકો માર્યા ગયા અને 84 ઘાયલ થયા
6) IPLમાં આજે જયપુરમાં રોયલ ચેલેન્જર બેંગલુરુએ રાજસ્થાન રોયલ્સને 9 વિકેટે હરાવ્યું

……………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# NITIN GADKARI

સરકાર આગામી બે વર્ષમાં દેશભરમાં હાઇવેને મજબૂત બનાવવા માટે 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે, જેમાં ખાસ કરીને પૂર્વોત્તર અને સરહદી વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

એક સમાચાર સંસ્થાને આપેલ મુલાકાતમાં રોડ, વાહનવ્યવહાર મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર આગામી બે વર્ષમાં દેશની માળખાગત સુવિધાને સંપૂર્ણપણે બદલીને તેને વિશ્વમાં શ્રેષ્ઠ બનાવવા માટે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે સરકાર ઉત્તરપૂર્વમાં માળખાગત સુવિધાઓના વિસ્તરણ માટે પ્રોજેક્ટ્સ લાવી રહી છે જેથી ત્યાંના રસ્તાઓ અમેરિકાના રસ્તાઓ જેવા બની શકે.

તેમણે કહ્યું કે પૂર્વીય રાજ્યોમાં 3 લાખ 70 હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે 784 હાઇવે પ્રોજેક્ટ્સ અમલી કરવામાં આવશે. આ અંતર્ગત, 21 હજાર ત્રણસો કિલોમીટરનો વિસ્તાર આવરી લેવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH- MADHYAPRADESH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે વર્તમાન સરકાર દ્વારા સહકાર મંત્રાલયની સ્થાપના પછી સહકારી ક્ષેત્રમાં થયેલા ક્રાંતિકારી ફેરફારોની પ્રશંસા કરી છે. મધ્યપ્રદેશના ભોપાલમાં રાજ્ય સ્તરીય સહકારી પરિષદને સંબોધતા, તેમણે કહ્યું કે સરકારે દેશના ઇતિહાસમાં પહેલીવાર ગ્રામીણ વિકાસ, કૃષિ અને પશુપાલનને કેવી રીતે એકીકૃત કર્યું છે.

(બાઇટ- અમીત શાહ)

શ્રી શાહે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓની વધતી જતી ભૂમિકાનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ મંડળીઓ હવે 20 થી વધુ રાજ્યોમાં કાર્યરત છે. આ સમિતિઓ કૃષિ નાણાં ઉપરાંત સેવાઓ પૂરી પાડી રહી છે, જેમાં દવાઓનું વેચાણ અને પાણીનું વિતરણનો સમાવેશ થાય છે.

મધ્યપ્રદેશ મિલ્ક ફેડરેશન અને રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . .

## PM - HARIYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આંબેડકર જયંતિ નિમિત્તે હરિયાણાની મુલાકાત લેશે. અમારા સંવાદદાતાએ માહિતી આપી છે કે શ્રી મોદી હિસાર અને અયોધ્યા વચ્ચેની હવાઈ સેવાનું ઉદ્ઘાટન કરશે.

(વોઇસકાસ્ટ - મુકેશ કુમાર)

. . . . . . . . . . . . . .

## Ambedkar Jayanti

ભારતીય બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની ઉજવણી આવતીકાલે નવી દિલ્હીમાં સંસદ ભવનના પ્રેરણા સ્થળ ખાતે યોજાશે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, સહિત અનેક મંત્રીઓ, સાંસદો અને અન્ય લોકો બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરશે.

. . . . . . . . . . . . . .

## PREZ. AMBEDKAR JAYANTI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડૉ. બી.આર. આંબેડકરની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, બાબાસાહેબે તેમના પ્રેરણાદાયી જીવનમાં, ભારે મુશ્કેલીઓનો સામનો કરવા છતાં પોતાની એક અલગ ઓળખ બનાવી અને પોતાની અસાધારણ સિદ્ધિઓથી વિશ્વભરમાં આદર મેળવ્યો. રાષ્ટ્રપતિએ બાબાસાહેબને અસાધારણ ક્ષમતાઓ અને બહુપક્ષીય વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ તરીકે વર્ણવ્યા, અને ભાર મૂક્યો કે તેઓ એક અર્થશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, ન્યાયશાસ્ત્રી અને એક મહાન સમાજ સુધારક હતા.

. . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## REV EVE WB-VIOLENCE

પશ્ચિમ બંગાળમાં, વક્ફ સુધારા અધિનિયમ 2025 પર થયેલા હિંસક વિરોધ પ્રદર્શન કરતા વધુ બાર લોકોની ધરપકડ કરવામાં આવી. અત્યાર સુધીમાં ધરપકડ કરાયેલા લોકોની સંખ્યા 150 થઈ છે.

આજે મુર્શિદાબાદ જિલ્લામાં હિંસાની કોઈ ઘટના નોંધાઈ નથી. જિલ્લાના સુતી, ધુલિયાન, સમસેરગંજ અને જાંગીપુર વિસ્તારોમાં પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે.

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં હિંસાથી પ્રભાવિત સેંકડો લોકોએ ભાગીરથી નદી પાર કરીને નજીકના માલદામાં આશ્રય લીધો છે.

ભાજપના સાંસદ જ્યોતિર્મય સિંહ મહતોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને વક્ફ વિરોધી વિરોધ પ્રદર્શનોને કારણે થયેલી હિંસા વચ્ચે મુર્શિદાબાદ અને અન્ય ત્રણ જિલ્લાઓમાં AFSPA લાગુ કરવાની માંગ કરી છે.

. . . . . . . . . . . . . .

## PUNJAB-RDX

પંજાબમાં ફિરોઝપુર રાજ્ય પોલીસની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ બ્રાન્ચે દોઢ કિલોગ્રામથી વધુ RDX સાથે બે વ્યક્તિઓની ધરપકડ કરી છે.

પંજાબ પોલીસ વડા ગૌરવ યાદવે જણાવ્યું હતું કે આ મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, આતંકવાદી મોડ્યુલના બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ આતંકવાદી મોડ્યુલનો નેતા જર્મનીનો રહેવાસી ગોલ્ડન ધિલ્લોન છે, જેના પર રાષ્ટ્રીય તપાસ એજન્સીએ 10 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું છે.

. . . . . . . . . . . . . . .

## DRI-DRUG SEIZURE

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે મિઝોરમના બાહ્ય વિસ્તારમાંથી 52 કિલોથી વધુ મેથામ્ફેટામાઇન જપ્ત કર્યું છે. જેની કિંમત 52 કરોડ રૂપિયાથી વધુ છે. આ દાણચોરીમાં સંડોવાયેલા બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.

નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સામગ્રી મ્યાનમારથી ઝોખાવથર સેક્ટર દ્વારા મિઝોરમમાં દાણચોરી કરવામાં આવી હતી. ટ્રકના ડ્રાઇવર અને તેના સહાયકની - NDPS એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

## Andhra Pradesh-Fire Accident

આંધ્રપ્રદેશના અનાકાપલ્લે જિલ્લાના કોટાવુરુતલા મંડળના કૈલાસપટ્ટનમ ગામમાં આજે ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં છ લોકોના મોત થયા છે. ગંભીર રીતે ઘાયલ થયેલા સાત લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

અનાકાપલ્લે જિલ્લા પોલીસના જણાવ્યા અનુસાર, વિસ્ફોટ બપોરે થયો હતો. ઘટના સમયે ફેક્ટરીમાં આશરે 30 કામદારો હાજર હતા. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું

છે અને જિલ્લા વહીવટીતંત્રને ઘાયલોને પૂરતી સારવાર આપવાનો અને સમગ્ર ઘટનાની સંપૂર્ણ તપાસ કરવા નિર્દેશ આપ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફેક્ટરીની દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો. પ્રધાનમંત્રીએ દરેક મૃતકના નજીકના સંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ  રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી.

. . . . . . . . . . . . . .

## Russia-Ukraine Attack

ઉત્તરપૂર્વીય યુક્રેનના સુમી શહેરના કેન્દ્રમાં આજે રશિયન મિસાઇલો અથડાયા બાદ બે બાળકો સહિત ઓછામાં ઓછા 32 લોકો માર્યા ગયા હતા અને 84 ઘાયલ થયા હતા. આ હુમલો ત્યારે થયો જ્યારે ઘણા લોકો ચર્ચમાં હતા, જેના કારણે 2023 પછી યુક્રેનિયન નાગરિકો પર આ સૌથી ઘાતક હુમલો બન્યો.

ઘાયલોમાં દસ બાળકોનો સમાવેશ થાય છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે વર્ષના સૌથી વ્યસ્ત ચર્ચમાં દિવસોમાંનો એક દિવસ હતો જ્યારે શહેરની શેરીઓમાં ભીડ હતી, ત્યારે બે બેલિસ્ટિક મિસાઇલો છોડવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ આ હુમલાને આતંકવાદી કૃત્ય ગણાવ્યું હતું અને વિશ્વને કડક પ્રતિક્રિયા આપવા વિનંતી કરી હતી.

. . . . . . . . . . . . . .

# IPL-CRICKET

IPLમાં આજે જયપુરમાં રોયલ ચેલેન્જર બેંગલુરુએ રાજસ્થાન રોયલ્સને 9 વિકેટે હરાવ્યું. રાજસ્થાન રોયલ્સે આપેલા 174 રનના લક્ષ્યાંકને રોયલ ચેલેન્જર બેંગલુરુએ 17 ઓવર અને 3 બોલમાં એક વિકેટ ગુમાવી હાંસલ કર્યો હતો.

અન્ય એક મેચ દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈંડિયન્સ વચ્ચે દિલ્હીમાં રમાઈ રહી છે. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે મુંબઈ ઇન્ડિયન્સે 5 ઓવરમાં 1 વિકેટે 47 રન કર્યા છે.

. . . . . . . . . . . . . .

# Iran-USA

ઈરાન અને અમેરિકા ૧૯ એપ્રિલે બીજા તબક્કાની વાતચીત કરશે. ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને પક્ષોએ ગઈકાલે ઓમાનની રાજધાની મસ્કતમાં સકારાત્મક વાતાવરણમાં તેમની પરોક્ષ વાતચીત પૂર્ણ કરી હતી.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈરાનના વિદેશમંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી અને પશ્ચિમ એશિયા માટે અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફ વચ્ચે ઈરાનના પરમાણુ મુદ્દા અને પ્રતિબંધોમાં રાહત અંગે વાતચીત થઇ હતી.

વાટાઘાટો બાદ મસ્કતમાં પત્રકારોને સંબોધતા, ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે વાટાઘાટોનો પ્રથમ તબક્કો સકારાત્મક રહ્યો અને વાતચીત ખૂબ જ શાંત અને આદરપૂર્ણ વાતાવરણમાં થઈ.

. . . . . . . . . . . . . . .